सा विद्या या विमुक्तये

# શારદ

વર્ષ ૩૦ માર્ચ ૨૦૧૧ અંક-૪

**વાલીઓને....**

## (ઘર)કામનો આદર

શ્રમનો આદર કરવાનું આજે વીસરાઈ ગયું છે. મંત્રીશ્રીની મોટરમાંથી ડ્રાઈવર ઉતરી પાછળની સીટનું બારણું ખોલે અને મંત્રીશ્રી બહાર આવે એને ગૌરવ માનવામાં આવે. જાતે પોતાનો સામાન લેવામાં પણ જાણે નાનમ અનુભવાય છે.

આ સંસ્થાના પ્રમુખશ્રી ગાંધી સાહેબ કહેતા કે આણંદજી કલ્યાણજીની પેઢીના ટ્રસ્ટીઓ બહારગામ મીટીંગ હોય ત્યારે મોટરમાંથી ઉતરીને સૌ પોતાની બેગ જાતે ઉપાડે. શ્રેષ્ઠીશ્રી કસ્તુરભાઈ પોતાની બેગ જાતે ઉપાડીને ઉતારે લઈ જતા અને સૌએ પોતાની બેગ જાતે ઉપાડી ઉતારા પર લઈ જવી એ સ્વાભાવિક હતું.

આ લખવા પાછળ હેતુ તો એ છે કે એક આનંદપ્રદ અનુભવ આજના માહોલમાં જોવા મળ્યો.

અંગ્રેજી માધ્યમના વિદ્યાર્થીઓ શ્રમનો આદર કરે તે હેતુથી તેમને જણાવવામાં આવ્યું, તમને યોગ્ય લાગે તે ઘરકામમાં તમે મદદરૂપ બનો. મને જણાવતા આનંદ થાય છે કે આ વિદ્યાર્થીઓએ ખૂબ જ આનંદ થાય તેવો પ્રતિભાવ આપ્યો.

આ વિદ્યાર્થીઓએ જે પ્રવૃત્તિ કરી તેના થોડા ઉદાહરણ આપું, કેટલાકે પોતાની ચા જાતે બનાવી, જમીને કેટલાકે પોતાની થાળી જાતે સાફ કરી, કેટલાકે ડાઈનીંગ ટેબલ ઉપર શણગાર કર્યો, કેટલાકે રસોઈમાં મદદ કરી તો કોઈકે ઘરની વસ્તુઓ બજારમાંથી ખરીદી કરી, પોતાની રૂમ સાફ કરી, વડીલોની પથારી પાથરવામાં મદદ કરી, મોટર કે સ્કુટરની સફાઈ કરીને શ્રમ કર્યો. આનંદ તો એ વાતનો થાય છે કે કેટલાકે ટોઈલેટની સફાઈ કરવાનું કામ પણ કર્યું.

આ બધા કામો કેટલી સફળતાપૂર્વક વિદ્યાર્થીઓ કરે છે તે જાણવા તેમના વાલીઓને કામ માટેના પોઈન્ટ્સ આપવાનું જણાવેલું. ખૂબ જ સંતોષપ્રદ બાબત તો એ હતી કે વાલીઓએ આ કામ સુપેરે કર્યું. ઘણું સારું, સારું, સાધારણ કે જરા પણ સારું નહીં તેવી નોંધ વાલીઓએ પ્રમાણિકતાપૂર્વક આપી.

આ પ્રોજેક્ટના ખૂબ જ સકારાત્મક પ્રતિભાવો વાલીઓએ આપ્યા અને આ માટે તેમણે આનંદની લાગણી વ્યક્ત કરી.

જીવન ઘડતર માટે આ બધી પ્રવૃત્તિઓ જરૂરી છે અને વર્ગખંડની ચાર દિવાલોમાં જે ન શીખવી શકાય તે આ પ્રવૃત્તિઓ દ્વારા તેમને અમૂલ્ય શિક્ષણ પ્રાપ્ત થયું. કરેલો શ્રમ ક્યારેય એળે જતો નથી.

આટલેથી આપણે ન અટકીએ પરંતુ મહેનત અને શ્રમ કરવાનું ગૌરવયુક્ત છે અને તેનું અભિવાદન કરતા રહીએ. જીવન ઘડતરની આ ખરી તાલીમ છે - સાચું શિક્ષણ છે.

**દિનુભાઈ દવે**

## સ્મૃતિચિત્રો

### સૌજન્યમૂર્તિ શ્રી બાબુભાઈ જશભાઈ પટેલ

ગુજરાતના ખૂબ આદરણીય ભૂતપૂર્વ મુખ્યમંત્રી શ્રી બાબુભાઈ જશભાઈ પટેલનું આ જન્મ શતાબ્દિ વર્ષ છે. મને યાદ આવે છે તેમની સાથેનો એક પ્રસંગ.

અમારે મે ૧૯૬૯ માં દક્ષિણ ભારત અને શ્રીલંકામાં (તે સમયના સીલોનમાં) પાંત્રીસેક દિવસના પ્રવાસમાં સિત્તેરેક વિદ્યાર્થીઓના જૂથ સાથે જવાનું હતું. આ વિદ્યાર્થીઓના ખાદ્ય પદાર્થોના પૂરવઠામાં તેલના ડબ્બા અમારે ગુજરાતની બહાર લઈ જવાના હતા અને તે સમયે તેલની નિકાસ ઉપર પ્રતિબંધ હોઈ આવા સંજોગોમાં તે માટે પરમીટ લેવી પડતી.

આ માટે મેં સમયસર (પૂરવઠા ખાતામાં તે સમયે જૂના સચિવાલય તરીકે ઓળખાતું ગુલબાઈ ટેકરા ઉપરના) સચિવાલયમાં અરજી કરી હતી ત્યારે મને જણાવવામાં આવ્યું હતું કે જવાના અઠવાડિયા અગાઉ આ અંગે તપાસ કરશો. જવા માટે સાતેક દિવસ બાકી હતા ત્યારે હું સચિવાલય ગયો પણ તે દિવસે તત્કાલીન રાષ્ટ્રપતિ શ્રી ઝાકીરહુસેનનું અવસાન થયું હોઈ સચિવાલય બંધ હતું. દફનવિધિને કારણે અન્ય દિવસે પણ સચિવાલય બંધ હતું. માત્ર બે દિવસ બાકી હતા તે દિવસે હું સચિવાલય પરમીટ લેવા ગયો ત્યારે મને જણાવ્યું કે કાલે પરમીટ તૈયાર થઈ જશે તમે લઈ જશો. તે સમયે મેં તેમને જણાવ્યું કે પછીના દિવસે અમારે વહેલી સવારે ટ્રેનમાં જવાનું હોઈ જો પરમીટ તૈયાર નહીં હોય તો મુશ્કેલી થશે ત્યારે મને ધરપત આપવામાં આવી કે કાલે અવશ્ય તૈયાર થશે. જણાવ્યા મુજબ હું બીજે દિવસે ગયો ત્યારે મને જણાવવામાં આવ્યું કે પરમીટ તો તૈયાર છે પરંતુ સાહેબ આજે આવ્યા ન હોઈ સહી થઈ શકી નથી. મેં તેમને મારી મુશ્કેલી જણાવી કે સીત્તેરેક જૂથના કાફલા માટે પાંત્રીસેક દિવસ માટે જવાનું હોઈ પરમીટ ન મળે તો અમારે માટે ભારે મુસીબત ઉભી થાય. પરંતુ બધું વ્યર્થ.

તે સમયે આદરણીય બાબુભાઈ પૂરવઠા પ્રધાન હતા. સચિવાલયમાં તેમની ચેમ્બર પર હું ગયો ત્યારે મારું વીઝીટીંગ કાર્ડ મોકલતા તેમણે મને તરત જ બોલાવ્યો. મેં વિગતથી આખી વાત જણાવી જે તેમણે શાંતિથી સાંભળી અને પોતાના સચીવશ્રી ( મને યાદ છે ત્યાં સુધી શ્રી મથુરાદાસ હતા ) તેમને મારી વાત જણાવી અને કહ્યું કે એમને અત્યારે જ પરમીટ અપાવો. મને આનંદ થયો કે થોડી જ વારમાં મને પરમીટ આપવામાં આવી. ભારે નિરાંત લઈને હું સચિવાલયમાંથી નીકળ્યો. આ પ્રસંગ મંત્રીશ્રીના ગૌરવની ગરિમા સૂચવે છે.

**દિનુભાઈ દવે**

## સંસ્થાનું ગૌરવ

ગુજરાત રાજ્ય સંગીત નાટક અકાદમી તરફથી ૨૦૦૯નો ગૌરવ પુરસ્કાર શારદામંદિરની ભૂતપૂર્વ તેજસ્વી વિદ્યાર્થીની બહેન **વૈશાલી ત્રિવેદી**ને તા.૨૦-૨-૧૧નાં રોજ જયશંકર સુંદરી હોલ ખાતે યોજાયેલ સમારંભમાં માનનીયશ્રી ફકીરચંદ વાઘેલાના હસ્તે એનાયત થયો તે સંસ્થા માટે ગૌરવની વાત છે. બેન વૈશાલી જ્વલંત સિદ્ધિના શિખરો સર કરે તેવી શુભેચ્છા.

## પાછી પરીક્ષા આવી

અરે મમ્મી ! આજે તો સ્કૂલમાં એવી મઝા આવી ગઈ. સંગીતના પીરીયડમાં બેને મને હોળી ગીતોના કાર્યક્રમાં ભાગ લેવા માટે પસંદ કર્યો...બોલ મમ્મી.. હું એટલું સારું ગાતો હોઈશ એટલે જ મને પસંદ કરે ને ! પેલી વૈશાલી, પેલી હેતા, પેલો આદિત્ય એ બધાંને બેને સ્ટેજ પર ન બેસાડયાં ને મને કહે, 'કાલથી હવે તારે પ્રેકટીસ કરવા આવવાનું છે..મારો તો વટ પડી ગયો મમ્મી..'

'હા..બહુ મોટો વટ પડયો તે જાણ્યો.. આ ભણવાનું કેટલું બગડશે તે ખબર પડે છે ? તમારી સ્કૂલમાં ય આ શું આખો દિવસ કંઈને કંઈ કાર્યક્રમો કાઢયા જ કરે છે ! બાલરથ અને વિદ્યાર્થી ગૌરવદિનમાંથી પરવાર્યા ને બધી સ્પર્ધાઓ ચાલી, હજી તો વકતૃત્વ સ્પર્ધા હમણાં પતી છે ને આ પાછું નવું તૂત ઉભું થયું ! પછી છોકરાં ભણે કયારે ! એમનું ભણવામાં ચિત્ત જ પછી કયાંથી ચોંટે ?..પરીક્ષા તો જોતજોતામાં આવીને ઉભી રહી જશે, અને પછી માર્કસ્ ઓછાં આવશે ત્યારે ! લોકોને મોં શું બતાવશો ? મને તો સમજ નથી પડતી હવે કરવું શું ?' 'મમ્મી ! તું ખોટી ચિંતા કરે છે..અમને સ્કૂલમાં એટલી બધી વાર રીવીઝન કરાવે છે કે બધું જ મોઢે થઈ જાય છે અને બાકી છે તે તું રોજ એનું એ જ પૂછપૂછ કરે છે ને ટયુશનવાળા સાહેબો પાછું રીવીઝન કરાવે તે તો ખરું, મને તો એવું થાય છે કે વહેલી પરીક્ષા લઈ લે તો સારું.. પછી રમવાની મઝા તો આવે..'

હા...પછી ખબર પડે...બહુ રમવાની મઝાવાળો ન જોયો હોય તો ...પરીક્ષાનાં માર્કસ્ આવશે ને ત્યારે રમવાનું અવળું નીકળી જવાનું છે. જોજે ને ! રડતાંય નહીં આવડે..'ભણવું જ કયાં ગમે છે ? દિવસમાં દસ વખત ટોકીએ ત્યારે તો માંડ ચોપડીને હાથ અડકાડે છે ને કહે છે બધુ મોઢે થઈ ગયું છે. અલ્યા ! વગર વાંચે..કયાંથી બધું આવડી ગયું ?'

માર્ચ મહિનો શરૂ થાય અને ઘેરઘેર આ માહોલ શરૂ થઈ જાય છે...કેટલાક ઘરોમાં તો જાણે પરીક્ષા આવતી હોય એટલે સન્નાટો છવાઈ જાય છે, અને એમાં ય જો બોર્ડની પરીક્ષામાં એકાદ સંતાન હોય તો તો પછી પૂછવું જ શું ? એવું ભારેખમ વાતાવરણ ! પૂરા બે મહિના સુધી કોઈના મોં પર પ્રસન્નતા જ જોવા ન મળે, બધાંના જ મોં પર ટેન્શન હોય. કારણ દરેક માબાપને તેના બાળકને ટોપર બનાવવું છે.

પહેલા પરીક્ષા એ શિક્ષણ કેવું થયું છે તે જાણવા માટેનું એક સાધન હતું જયારે આજે તો તે સાધ્ય બની ગયું છે આજે તો જાણે પરીક્ષાનાં માર્કસ્ માટે જ લોકો ભણી રહ્યાં છે એવી પરિસ્થિતિ જોવા મળે છે, યેનકેન પ્રકારેણ માર્કસ્ સૌથી વધુ આવવા જોઈએ.ત્રીજા ધોરણમાં ભણતો અંકિત ગણિતમાં તોંતેર માર્કસ્ આવતાં ખુશખુશાલ થઈને દોડતો પેપર લઈને એના મમ્મી પાસે આવ્યો...એને એમ કે 'મમ્મી મને ઉંચકી લઈને ખૂબ વ્હાલ કરશે, આટલા બધાં માર્કસ્ આવ્યાં છે ને ! પણ મમ્મીએ તો પૂછયું, 'અનન્યને કેટલા આવ્યાં ?' 'પંચોતેર' અને મમ્મીએ અંકિતને ગાલ પર એક લપડાક મારી દીધી. 'તને કહી કહીને થાકી ગઈ કે ભણવા બેસ, ભણવા બેસ, પણ કહયું માને તો ને ! તને કહ્યું નહોતું ? કે તારા હાઈએસ્ટ માર્કસ્ આવવા જોઈએ !... નાદાન નિર્દોષ અંકિતને પરીક્ષાનો 'હાઉ' પેસી ન જાય તો શું થાય !

પહેલા ધોરણની પરીક્ષા હતી ને વહેલી સવારે મમ્મીઓનો મેળો જામ્યો હતો, કેમ ? 'બેન ! પરીક્ષા હતી એટલે એણે ઉઠીને દૂધ પણ પીધું ન હતું... જરા શરબત પાઈ દઉં ? તો શક્તિ રહે !' શરબત પાય એનો તો વાંધો નહીં.. પણ શરબત પાતા પાતા ય એને છેલ્લે સુધી પર્યાવરણનું ગોખવાનું જ ચાલુ હોય.. આટલું નાનું બાળક કેટલું નર્વસ થઈ જાય !' પરીક્ષાનાં હાઉના બીજ તો માબાપ અહીંથી જ રોપે છે.

અનન્યા રડતી રડતી આવી, બેન ! 'માથું બહુ દુઃખે છે મમ્મીને ફોન કરોને !' તો સ્કૂલે કેમ આવી ? 'બેન મમ્મી કહે છે રીવીઝન ચાલે છે, સ્કૂલે તો જવું જ પડે ને ! એટલું બધું ઘેર કોણ લખાવે ? સ્કૂલમાં ય શિક્ષકો બોર્ડ ભરી ભરીને બસ લખાવ્યાં જ કરે... છોકરાં તે શું વેઠીયા છે ? ઘેર મમ્મીઓ નવડાવતાં, ખવડાવતાં, સુવડાવતાં ગોખાવ્યાં કરે ને પૂછયાં કરે ને સ્કૂલમાં શિક્ષકો ઉંધું ઘાલીને લખાવ્યાં કરે... આ છોકરાંઓનાં માનસિક વિકાસનો કયાંય અવકાશ છે ખરો ? અને એમાંય પરાકાષ્ટા તો ત્યારે આવે છે કે બારમાની પરીક્ષામાં બોર્ડમાં આવતાં બે જ માર્ક ઓછાં આવેલ એવી વૈશાલી સેન્ટરમાં હોવા છતાં પેલા બે માર્ક ઓછા હોવાનાં શોકને કારણે એના માતાપિતાનો જે અફસોસ હતો તેને કારણે આખા વર્ષ દરમયાન એણે કરેલ મહેનત અને આટલી મેળવેલી સિધ્ધિને બિરદાવવા જેટલી ક્ષમતા ય એ માબાપમાં ન હતી ?.. મને થાય છે આ પરીક્ષા કોણે કરી હશે ? માબાપ સતત એવા ભ્રમમાં મહાલે છે કે જો અમે મહેનત કરીને છોકરાંઓને ભણવા ન બેસાડીએ તો સારું રીઝલ્ટ ન આવે, અત્યારે તો કેટલી કોમ્પીટીશન ચાલે છે ખબર છે ? અને ત્યારે મારે કહેવું પડે છે પ્લીઝ તમે 'નડો મા' - એમનામાં Exam phobia ઉભો કરવાને બદલે એમને સાહજીકતાથી પરીક્ષા આપવા દો... એ વધુ સારું પરિણામ લાવશે એની મને ખાત્રી છે. તમારા સંતાનની શક્તિ પર વિશ્વાસ રાખતા શીખો..

**ઊર્મિલા શાહ**

## વિદ્યાર્થી ગૌરવ દિન

તા.૨૧-૧-૧૧નાં રોજ વિદ્યાર્થી ગૌરવદિન ઉજવવામાં આવ્યો. જેમાં બાલપૂજન, બોર્ડની પરીક્ષાંમાં વિવિધ પારિતોષિકો પ્રાપ્ત થયા હોય તેવા વિદ્યાર્થીઓનું અભિવાદન અને ભૂતપૂર્વ ત્રણ વિદ્યાર્થીઓ કે જેમણે પોતપોતાના ક્ષેત્રમાં વિશિષ્ટ સિદ્ધિ હાંસલ કરી છે તેમનું બહુમાન કરવામાં આવ્યું. આ પ્રસંગે મુખ્ય મહેમાન તરીકે **ગુજરાત રાજ્ય માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડના કારોબારી સભ્ય તેમજ એરોમા હાઈસ્કુલના આચાર્યશ્રી ભાસ્કરભાઈ રાવજીભાઈ પટેલ** ઉપસ્થિત રહ્યાં હતાં.

કાર્યક્રમનો પ્રારંભ મા શારદાની સ્તુતિથી થયો ત્યારબાદ સંસ્થાના **નિયામક મુ.શ્રી દિનુભાઈએ મુખ્ય અતિથિ શ્રી ભાસ્કરભાઈ**નો પરિચય આપ્યો અને સૌ મહેમાનોનું સ્વાગત કર્યું.

બાલરથીને લઈને બાલરથ આવી પહોંચ્યા ને વર્ષોથી ચાલી આવતી પ્રણાલિકા મુજબ મુખ્ય અતિથિના શુભહસ્તે બાલરથીનું કુંકુમ તિલક કરી અક્ષત લગાવી મોં મીઠું કરાવી વિધિવત્ પૂજન કરવામાં આવ્યું. શારદામંદિરમાં બાળક કેન્દ્રસ્થાને છે તેની પ્રતીતિ થઈ.

ત્યારબાદ સંસ્થાનાં **ભૂતપૂર્વ શિક્ષિકા શ્રી સુધાબેન ભટ્ટ** એમની આગવી અને રસપ્રદ શૈલીમાં **ડૉ.મંજુલભાઈ જોષીપુરા, શ્રી કાર્તિકેયભાઈ શોધન અને શ્રી વૈશાલીબેન ત્રિવેદી**નો ખૂબ સરસ પરિચય આપતા ગયા ને એક પછી એક તેમનું અભિવાદન **મુખ્ય અતિથિ શ્રી ભાસ્કરભાઈ**ના શુભહસ્તે કરાવાતું ગયું. ત્યારબાદ એ ત્રણેય મહાનુભાવોએ એમનાં પ્રતિભાવોને ખૂબ હૃદયસ્પર્શી ભાષામાં વ્યક્ત કર્યા. આખોય માહોલ લાગણીસભર બની ગયો.

આ પછી બોર્ડનાં વિદ્યાર્થીઓને મુખ્ય અતિથિને હસ્તે ઈનામ વિતરણ કરી નવાજવામાં આવ્યા. ત્યારબાદ **માનનીય શ્રી ભાસ્કરભાઈ**એ એમનું વકતવ્ય ખૂબ અસરકારક અને છતાંય માહિતસભર રીતે રજૂ કર્યું. છેલ્લે હાઈસ્કુલના **આચાર્ય શ્રી વિજયભાઈ**એ આભારવિધિ કરી અને રાષ્ટ્રગીત ગાઈને કાર્યક્રમની પૂર્ણાહુતિ કરવામાં આવી.

આખોય કાર્યક્રમ ખૂબ સફળ રહ્યો.

## સંસ્થાકીય સમાચાર

### બાલમંદિર

તા.૨૨-૧-૧૧ને શનિવારે બાળકોએ કઠપૂતળીનો ખેલ નિહાળવાની મજા માણી. ધોબી અને મગરની લડાઈ તથા રાસે રમતા ખેલૈયા જોવાની તેમને ખૂબ મજા આવી.

તા.૨૫-૧-૧૧ને મંગળવારે રાષ્ટ્રીય તહેવાર ૨૬મી જાન્યુઆરીની ઉજવણી કરવામાં આવી. રાષ્ટ્રધ્વજમાં રંગપૂરણી કરાવી શૌર્યગીત, કૂચ કરાવી ધ્વજને સલામી અપાવી.

તા.૨૯-૧-૧૧ને શનિવારે ગાંધીનિર્વાણદિન નિમિત્તે બે મિનિટ મૌન પાળી બાપુને શ્રધ્ધાંજલિ અર્પી.

તા.૧-૨-૧૧ને મંગળવારથી તાલીમના બાળકો માટે રમતોત્સવનું આયોજન કરવામાં આવ્યું.

તા.૪-૨-૧૧ને શુક્રવારે 'નોકર જોઈએ છે' પપેટ નિહાળવાની બાળકોએ મજા માણી. ડોશીમા અને સસલાભાઈને જોવાની ખૂબ મજા આવી.

તા.૨૨-૨-૧૧ને મંગળવારે તાલીમના બાળકો માટે ચિત્ર સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું. જેમાં બાળકોએ રંગ અને રેખામાં સુંદર અભિવ્યક્તિ કરી.

તા.૨૫-૨-૧૧ને શુક્રવારે બાળકો માટે બાલસભાનું આયોજન કરવામાં આવ્યું. જેમાં બાળકોએ સુંદર વાર્તા, જોડકણાં, બાળગીત, શ્લોક રજૂ કર્યા.

તા.૨૮-૨-૧૧ને સોમવારે શિવરાત્રી નિમિત્તે શિકારી અને હરણાંની વાર્તા કહેવામાં આવી જેમાં અજાણતાં જ ભગવાન શિવની ભક્તિ કરતાં શિકારીનું હૃદય પરિવર્તન થાય છે એ સમજાવ્યું.

તા.૧-૩-૧૧ને મંગળવારે 'સાચાં બોલાં હરણાં' નાટક ભજવવામાં આવ્યું. ૐ નમઃ શિવાયની ધૂન બોલાવી.

### શિશુમંદિર

**આંતરગૃહ સ્પર્ધાઓ :**

| | | | |
|---|---|---|---|
| **સલાડ ડેકોરેશન** | તા.૨૧-૧૨-૧૦ | | |
| | પ્રથમ | પાર્થ રાવલ | ( ગંગોત્રી ) |
| | દ્વિતીય | આશના અગ્રવાલ | ( ધવલગિરિ ) |
| | | જૈનમ શાહ | ( મેઘનાદ ) |
| | તૃતીય | ત્વરીત પંચોલી | ( રત્નદીપ ) |
| | | યેશા સોલંકી | ( મેઘનાદ ) |
| | | પંક્તિ આયર | ( ગંગોત્રી ) |
| | | કવિશા શુક્લ | ( રત્નદીપ ) |
| **ટેબલ ડેકોરેશન** | તા.૨૧-૧૨-૧૦ | | |
| | પ્રથમ | પ્રિન્સી શેઠ | ( રત્નદીપ ) |
| | દ્વિતીય | હિનમ જેઠવા | ( મેઘનાદ ) |
| | તૃતીય | બ્રિન્દા પારેખ | ( ગંગોત્રી ) |
| **નિબંધ સ્પર્ધા** | તા.૨૪-૧-૧૧ | | |
| **ગુજરાતી** | પ્રથમ | હેત્વી દેસાઈ | ( રત્નદીપ ) |
| | દ્વિતીય | કેવલ પટેલ | ( મેઘનાદ ) |
| | તૃતીય | નેહા ત્રિવેદી | ( ધવલગિરિ ) |
| | | ધ્રુતિ શાહ | ( રત્નદીપ ) |
| **હિન્દી** | પ્રથમ | રિધ્ધિ વોરા | ( રત્નદીપ ) |
| | દ્વિતીય | જૈની શાહ | ( ધવલગિરિ ) |
| | | જયદીપ હાપલીયા | ( રત્નદીપ ) |
| | તૃતીય | દ્રષ્ટિ શાહ | ( ધવલગિરિ ) |
| | | કવિશા શુક્લ | ( રત્નદીપ ) |
| **અંગ્રેજી** | પ્રથમ | રાજ શાહ | ( ધવલગિરિ ) |
| | દ્વિતીય | બ્રિન્દા પટેલ | ( ધવલગિરિ ) |
| | તૃતીય | કશ્યપ ગોહેલ | ( ધવલગિરિ ) |
| **વકતૃત્વ સ્પર્ધા :** | તા.૨૨-૨-૧૧ | | |
| | પ્રથમ | નિકેત રસાણિયા | ( મેઘનાદ ) |
| | દ્વિતીય | હેત્વી ત્રિવેદી | ( મેઘનાદ ) |
| | | જયદીપ હાપલીયા | ( રત્નદીપ ) |
| | તૃતીય | દર્શન કાટવા | ( ગંગોત્રી ) |
| | | પરિતોષ યાજ્ઞિક | ( ધવલગિરિ ) |

તા.૨૫-૧-૧૧નાં રોજ સ્વયંશિક્ષણ દિન ઉજવાયો. વિદ્યાર્થીઓએ સફળતાપૂર્વક શિક્ષણકાર્ય સંભાળ્યું.

તા.૫-૨-૧૧ના રોજ શિશુમંદિરમાં ધોરણ ૧ થી ૭ ના વિદ્યાર્થી ભાઈબહેનો માટે રમતોત્સવ યોજવામાં આવ્યો. વિદ્યાર્થીઓએ ખૂબ ઉત્સાહભેર સાંઘિક તથા વ્યક્તિગત રમતો અને સ્પર્ધાઓમાં ભાગ લીધો.

તા.૨૬-૨-૧૧ને શનીવારના રોજ કલા પ્રતિભા શોધ ચિત્ર સ્પર્ધા યોજાઈ. જેમાં ધોરણ ૧ થી ૭ ના બધાં જ બાળકો મન મૂકીને રંગ અને રેખામાં તન્મય થઈ ગયા હતાં આખુંય વાતાવરણ 'તારે જમીન પર' ની યાદ અપાવે તેવું બની ગયું હતું.

### Shardamandir Modern School

**આંતરગૃહ સ્પર્ધાઓ :**

| | | | |
|---|---|---|---|
| **સલાડ ડેકોરેશન** | તા.૨૮-૧-૧૧ | | |
| | પ્રથમ | હેલી દલાલ | ( કદંબ ) |
| | દ્વિતીય | ધ્રુવી કોન્ટ્રાકટર | ( અમલતાસ ) |
| | | સિધ્ધાંત શાહ | ( પારિજાત ) |
| | તૃતીય | પ્રાર્થના ઝાલા | ( કદંબ ) |
| | | મૃગા ભટ્ટ | ( અમલતાસ ) |
| **ન્યુઝ રીડીંગ** | તા.૨૪-૨-૧૧ | | |
| | પ્રથમ | અંજસી શાહ | ( પલાશ ) |
| | દ્વિતીય | જય પંડયા | ( પલાશ ) |
| | તૃતીય | રોહન શાહ | ( અમલતાસ ) |
| **રીપોર્ટીંગ** | તા.૨૪-૨-૧૧ | | |
| | પ્રથમ | હેલી દલાલ | ( કદંબ ) |
| | દ્વિતીય | મહિમા નામા | ( પલાશ ) |
| | | પ્રાર્થના ઝાલા | ( કદંબ ) |
| | તૃતીય | ફલક પંડિત | ( પલાશ ) |
| | | વૈશલ શાહ | ( અમલતાસ ) |

***શ્રી તર્જનીબેન વ્યાસે*** નિર્ણાયક તરીકે સેવા આપી તે બદલ સંસ્થા આભારની લાગણી વ્યક્ત કરે છે.

તા.૧૮-૧-૧૧ના રોજ ધો.૩ અને ધો.૪ના વિદ્યાર્થી ભાઈબહેનો માટે પતંગ બનાવવાની સ્પર્ધા યોજાઈ. ધોરણ ૧ થી ૪ માટે વકતૃત્વ સ્પર્ધા યોજવામાં આવી. તા.૨૦-૧-૧૧ના રોજ સ્વયંશિક્ષણદિન ઉજવવામાં આવ્યો. વિદ્યાર્થીઓએ સફળતાપૂર્વક શિક્ષણકાર્ય સંભાળ્યું.

તા.૪-૨-૧૧નાં રોજ રમતોત્સવ યોજવામાં આવ્યો. વિદ્યાર્થીઓએ સાંઘિક અને વ્યક્તિગત રમતોમાં ઉત્સાહભેર ભાગ લીધો.

તા.૨૪-૨-૧૧નાં રોજ ધો.૧ થી ૪માટે સુલેખન સ્પર્ધા યોજાઈ.

## વિનયમંદિર

**આંતરગૃહ સ્પર્ધાઓ :**

**નિબંધ સ્પર્ધા :** તા.૨૫-૯-૧૦

| | | | |
|---|---|---|---|
| **ગુજરાતી** | પ્રથમ | વિશ્વા શાહ | ( ચંદ્રમૌલિ ) |
| | દ્વિતીય | હેત શાહ | ( પદ્મપુકુર ) |
| | તૃતીય | ગેલુ દેસાઈ | ( ગીતગોવિંદ ) |
| | | નીલ પટેલ | ( મેઘદૂત ) |
| **અંગ્રેજી** | પ્રથમ | ક્રિશ્ના પટેલ | ( ચંદ્રમૌલિ ) |
| | દ્વિતીય | જાનકી પટેલ | ( પદ્મપુકુર ) |
| | | હેત મિસ્ત્રી | ( પદ્મપુકુર ) |
| | તૃતીય | હર્મિશ પંડયા | ( મેઘદૂત ) |
| **હિન્દી** | પ્રથમ | પ્રિયલ શાહ | ( પદ્મપુકુર ) |
| | દ્વિતીય | ખુશ્બુ પારેખ | ( મેઘદૂત ) |
| | | આયુષી શાહ | ( મેઘદૂત ) |
| | તૃતીય | માનસી પરીખ | ( ચંદ્રમૌલિ ) |

**વકતૃત્વ સ્પર્ધા**

| | | |
|---|---|---|
| પ્રથમ | તુલા નાયક | ( પદ્મપુકુર ) |
| દ્વિતીય | સૃષ્ટિ ઠક્કર | ( મેઘદૂત ) |
| તૃતીય | જાનકી પટેલ | ( પદ્મપુકુર ) |

**રંગોળી સ્પર્ધા** તા.૨૭-૧૦-૧૦

| | | |
|---|---|---|
| પ્રથમ | ગરીમા મહેતા | ( ગીતગોવિંદ ) |
| દ્વિતીય | પ્રિયાંશી ઠક્કર | ( ગીતગોવિંદ ) |
| | ઉપાસ્તિ પંચાલ | ( પદ્મપુકુર ) |
| તૃતીય | નિરાલી ભટ્ટ | ( મેઘદૂત ) |

**આરતી સ્પર્ધા** તા.૨૭-૧૦-૧૦

| | | |
|---|---|---|
| પ્રથમ | દ્વિજ જાની | ( ગીતગોવિંદ ) |
| દ્વિતીય | હેત મિસ્ત્રી | ( પદ્મપુકુર ) |
| | મીત શાહ | ( ગીતગોવિંદ ) |
| તૃતીય | માનસી પરીખ | ( ચંદ્રમૌલિ ) |

**ન્યુઝ રીડીંગ સ્પર્ધા** તા.૧૫-૧૨-૧૦

| | | |
|---|---|---|
| પ્રથમ | ભાવિશા ઓઝા | ( મેઘદૂત ) |
| દ્વિતીય | અનેરી ઝવેરી | ( ચંદ્રમૌલિ ) |
| | ખુશ્બુ પારેખ | ( મેઘદૂત ) |
| તૃતીય | જાનકી પટેલ | ( પદ્મપુકુર ) |
| | તુલા નાયક | ( પદ્મપુકુર ) |

**સલાડ સ્પર્ધા** તા.૨૮-૧-૧૧

| | | |
|---|---|---|
| પ્રથમ | ઋજુતા ભટ્ટ | ( ગીતગોવિંદ ) |
| દ્વિતીય | સૃષ્ટિ ઠક્કર | ( મેઘદૂત ) |
| | હેત્વી દેસાઈ | ( ચંદ્રમૌલિ ) |
| તૃતીય | શ્રેયા આદેશરા | ( ગીતગોવિંદ ) |
| | જાહ્નવી પંડયા | ( પદ્મપુકુર ) |

તા.૨૧-૧૦-૧૦ના રોજ દેશભક્તિના ગીતો રજૂ થયાં. વિદ્યાર્થીઓએ ભારતની ગૌરવગાથાને રજૂ કરતાં સુંદર ગીતો રજૂ કર્યા.

તા.૨૬-૧૦-૧૦ના રોજ વિદ્યાર્થી ભાઈબહેનોએ ખૂબ ભાવવાહી રીતે કાવ્યપઠનનો કાર્યક્રમ રજૂ કર્યો.

તા.૨૮-૧૧-૧૦ના રોજ યોજાયેલ વાંચન વકતૃત્વ સ્પર્ધા યોજાઈ. પ્રથમ **તુલા નાયક** અને દ્વિતીય **આયુષી શાહ** વિજેતા નિવડયા તે માટે તેમને અભિનંદન. શાળાની વેબસાઈટ પર (૧) **આયુષી શાહ** (૨) **અનેરી પટેલ** અને (૩) **તુલા નાયકે** ભાગ લીધો.

તા.૨૭-૧૨-૧૦નાં રોજ સ્વર્ણિમ ગુજરાત અંતર્ગત ક્વીઝ કોમ્પીટીશનમાં **પાર્શ્વ પરીખ** અને **ક્રિશ્ના શાહે** શાળા તરફથી ભાગ લીધો.

તા.૧૮-૧૯ ફેબ્રુઆરીના રોજ રમતોત્સવ યોજાઈ ગયો. વિદ્યાર્થીઓએ સાંઘિક અને વ્યક્તિગત રમતો અને સ્પર્ધાઓમાં ખૂબ ઉત્સાહભેર ભાગ લીધો.

શારદામંદિર મોડર્ન સ્કુલના ચિ.ભાઈ **અમન કોઠારી**એ વિદ્યાર્થીઓને સાયકલ પર શાળાએ આવવા માટે વિદ્યાર્થીઓને પ્રોત્સાહિત કરી તે માટેની ઝુંબેશ ઉઠાવી,પર્યાવરણ રક્ષણ અને ઈંધણ બચાવ માટે વિદ્યાર્થીઓમાં જાગૃતિ માટે પ્રશંસનીય કામ શરૂ કર્યું છે. તે માટે ધન્યવાદ.

### અભિનંદન

| **સંસ્થા** | **વિદ્યાર્થીનું નામ** | **ઈનામ** |
|---|---|---|
| | **ચેસ** | |
| ગુર્જર ચેસ એકેડમી | પાર્થ રાણા | દ્વિતીય |
| | શાશ્વત રાવલ | |
| આનંદ સ્માર્ટ કીડઝ | સમકિત શાહ | ચેમ્પીયન |
| એકેડમી | ચૈત્રી શાહ | તૃતીય |
| ધી ઓરીએન્ટ કલબ | સમકિત શાહ | અન્ડર ૯ દ્વિતીય |
| ૭-૫-૧૦ | યુવરાજ વ્યાસ | અન્ડર ૭ તૃતીય |
| | ચૈત્રી શાહ | |
| | અંશ શાહ | |
| ૨૧-૫-૧૦ | યુવરાજ વ્યાસ | અન્ડર ૭ પ્રથમ |
| નવમી સ્ટેટ લેવલ ચેસ ટુર્નામેન્ટ | ચૈત્રી શાહ | આઠમું સ્થાન |
| S.G.V.P. ઈન્ટરનેશનલ | તિગ્માંશુ દવે | તૃતીય |
| સ્કુલ | શાશ્વત રાવલ | |
| | ધૈર્ય દવે | |
| લેક સીટી ઓપન ચેસ | ધૈર્ય દવે | |
| ટુર્નામેન્ટ | તિગ્માંશુ દવે | |
| | **ચિત્ર** | |
| વંડર આર્ટ વર્લ્ડ | શૈવી ઠાકોર | ગોલ્ડ મેડલ |
| | **કરાટે** | |
| સ્ટેટ લેવલ કરાટે ચેમ્પીયનશીપ | હર્ષરાજ ડોડિયા | આશ્વાસન ઈનામ |
| દ્વિતીય ઈન્ટરનેશનલ ટેકવેન્ડો ચેમ્પીયનશીપ | રાજવી શાહ | ગોલ્ડ મેડલ |
| | **પોસ્ટર મેકીંગ** | |
| જી.એલ.એસ. બીઝનેસ એડમીનિસ્ટ્રેશન સ્કૂલ | ધરા ઝાલા | દ્વિતીય ઈનામ |
| | **નિબંધ** | |
| અખિલ હિંદ મહિલા | બંસરી શાહ | ધો.૧ તૃતીય |
| પરિષદ એલીસબ્રીજ | ચૈતસી શુક્લ | ધો.૨ પ્રથમ |
| શાખા | પ્રકૃતિ શુક્લ | ધો.૪ દ્વિતીય |
| | ત્રિશા શાહ | ધો.૪ તૃતીય |

તંત્રી, મુદ્રક પ્રકાશક : દિનુભાઈ દવે, આચાર્ય અને નિયામક,શારદામંદિર,
અમદાવાદ-૩૮૦૦૦૭. Fax : 079 26622480
EMAIL : sharda.mandir@yahoo.com